<u>દાણીલીમડા પો.સ્ટે.ગુ.રજી.નં.૧૧૧૯૧૦૧૨૨૫૦૨૦૬/૨૫ ના કામે **આરોપીઓ(૧) કીશોરભાઈ ભાયાભાઈ પરમાર (૨) યોગેશભાઈ ઉર્ફે લાલાભાઈ ખીમજીભાઈ ચાવડા (૩) જવલબેન વા/ઓ કીશોરભાઈ ભાયાભાઈ પરમાર(૪)મીનાબેન ડો/ઓ ખીમજીભાઈ ચાવડા નાઓની** જામીન અરજી તળેનો હુકમ.</u>

**(૧)** આ કામે આરોપીની હાલની જામીન અરજી ગુ.રજી.નં<u>.૧૧૧૯૧૦૧૨૨૫ ૦ ૨૦૬/૨૫</u> થી ભારતીય ન્યાય સંહિતાની કલમ-૩૩૩,૧૧૮(૧),૧૧૫(૨),૨૯૬ (બી),૩૫૧(૩),૩૨૪(૪),૫૪ તથા જીપીએ કલમ-૧૩૫(૧) મુજબના ગુનાના કામે ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ- ૪૮૦ મુજબ જામીન પર મુકત થવા અરજી આપેલી છે.

**(૨)** આરોપીના વિ.વ.શ્રી.એ રજુઆત કરતા જણાવેલ છે કે, અમો આરોપી ઓ વિરૂધ્ધ ખોટા આક્ષેપ કરેલ છે. અમો આરોપીએ આવો કોઈ ગુનો કરેલો નથી. હાલનો ખોટો બનાવ ફરીયાદીએ ઉભો કરેલ છે. આ કામની ઈન્સાફી કાર્યવાહી ચાલતા લાંબો સમય લાગે તેમ છે. અમદાવાદમાં રહીએ છીએ. અમદાવાદના કાયમી વતની છે. આરોપી કયાંય નાસીભાગી જાય તેમ નથી. આ ગુનાની ઈન્સાફી કાર્યવાહી ચલાવવાની સત્તા આપ નામદાર કોર્ટને છે. આ ગુનામાં આપ સાહેબને જામીન ઉપર મુકત કરવાની સત્તા છે. આપ નામ.કોર્ટ જામીન ઉપર મુકત કરતી વખતે જે જે શરતો રાખશો તેનું પાલન કરીશું જેથી યોગ્ય રકમના જામીન પર મુકત કરવા અરજ કરેલી છે.

**(૩)** સરકાર તરફે રજુઆત છે કે, ગુનાની જોગવાઈ ધ્યાને લઈ યોગ્ય તે હુકમ ફરમાવવા જણાવેલ છે.

**(૪)** ઉભયપક્ષોની રજુઆતો સાંભળી, જામીન અરજીની હકીકતો ધ્યાને લીધી એફ.આઈ.આર વંચાણે લેતા આરોપીઓ સામે ભારતીય ન્યાય સંહિતાની કલમ - ૩૩૩,૧૧૮(૧),૧૧૫(૨),૨૯૬(બી),૩૫૧(૩),૩૨૪(૪),૫૪ તથા જીપીએ કલમ-૧૩૫(૧)મુજબનો આક્ષેપ છે. સદરહુ કામે ઈન્સાફી કાર્યવાહી ચાલતા સમય લાગે તેમ છે, આરોપીની તપાસ પુર્ણ થઈ ગયેલ છે. આરોપીનો કોઈ ગુનાહીત ઈતિહાસ

જણાતો નથી. તો.દારને કસ્ટડીમાં રાખવાનો કોઈ હેતુ જણાતો નથી, તેમજ આરોપીની તપાસમાં હાજરીની જરૂરીયાત ના હોય, આ સંજોગોમાં આરોપીને કસ્ટડી કે જેલમાં રાખવાનો કોઈ હેતુ જણાતો નથી. આ કામે આરોપી વિરૂધ્ધ આક્ષેપિત ગુનો તથા સજાની જોગવાઈ ધ્યાને લેતા તથા ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ-૪૮૦ ની જોગવાઈ ધ્યાને લેતાં.જામીન ઉપર મુકત કરતી વખતે ઉચ્ચ અદાલતના માર્ગદર્શક સિધ્ધાંતો વંચાણે લેતાં ફરીયાદના ગુણદોષમાં ન ઉતરતા આ કામે ઈન્સાફી કાર્યવાહી ચાલે ત્યારે આરોપીની હાજરી અનિવાર્ય છે આરોપી અમદાવાદના વતની છે કયાંય નાસી ભાગી જાય તેમ નથી.જેથી આરોપીને યોગ્ય શરતોને આધિન જામીન ઉપર મુકત કરવા ન્યાયોચિત જણાતું હોય નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**-: હુકમ :-**

અરજદાર/આરોપીની હાલની જામીન અરજી **મંજુર** કરવામાં આવે છે.

આ કામે દરેક આરોપીઓને રૂા.૧૫૦૦૦/-(અંકે રૂપીયા પંદર હજાર પુરા) ના જાત જામીન તથા તેટલી જ રકમના સધ્ધર જામીન રજુ કર્યેથી આરોપીને નીચેની શરતોએ જામીન મુકત કરવાનો હુકમ કરવામાં આવે છે.

**શરતો:-**

૧. અરજદાર/આરોપીએ ફરી આવા પ્રકારના ગુનામાં પોતાની જાતની સંડોવણી ન થાય તેની તકેદારી રાખવી.
૨. આરોપી પોતાના રહેણાંકના નામ સરનામાની પુરસીસ તથા મોબાઈલ નંબર પુરસીસથી રજુ કરવા.
૩. આરોપીએ કોર્ટની પુર્વ પરવાનગી વગર ભારત દેશની હદ છોડવી નહી.
૪. આરોપીએ કોઈ સાહેદને લોભ લાલચ આપી ફોડવા નહી.
૫. આરોપીએ ટ્રાયલ સમયે કોર્ટમાં નિયમિત હાજર રહેવું.
૬. ત.ક.અ.શ્રીને તપાસના કામે જરુર પડયે સહકાર આપવો.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**(મનોજકુમાર રાધેશ્યામ લાલવાણી)**
૩૧ માં એડી.ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ
અમદાવાદ સીટી
**(Code No. GJ01124)**

અમદાવાદ.
તા. ૧૧/૦૩/૨૦૨૫